# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-01-2025** **MORNING : 7.45 to 7.55**

**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **નીકીતા શાહ** વાંચે છે.

***************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું છે કે, સરકાર અનુસૂચિત જનજાતિ સહિત સમાજના તમામ વર્ગોના ઉત્થાન માટે કામ કરી રહી

2) કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજે નવી દિલ્હીમાં સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશન દ્વારા વિકસાવવામાં આવેલું ભારતપોલ પોર્ટલનું અનાવરણ કરશે

3) તમિલનાડુમાં હ્યુમન મૈટાન્યૂમો વાયરસના બે અને ગુજરાત એક કેસ નોંધાયા છે

4) કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રુડોએ સત્તાધારી લિબરલ પાર્ટીના નેતા પદેથી રાજીનામું આપવાની જાહેરાત કરી

5) સ્ક્વોશમાં, ભારતની અનાહત સિંઘે ઇંગ્લેન્ડના બર્મિંગહામ ખાતે રમાયેલી બ્રિટિશ જુનિયર ઓપનમાં અંડર 17 ગર્લ્સ સિંગલ્સ ટાઇટલ જીતી લીધું

*********************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV PREZ

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું છે કે, સરકાર અનુસૂચિત જનજાતિ સહિત સમાજના તમામ વર્ગોના ઉત્થાન માટે કામ કરી રહી છે. ગઇકાલે રાષ્ટ્રપતિ ભવન ખાતે વિવિધ રાજ્યોની પંચાયતી રાજ સંસ્થાઓની અનુસૂચિત જનજાતિની મહિલા પ્રતિનિધિઓને સંબોધતા રાષ્ટ્રપતિ મુર્મુએ જણાવ્યું હતું કે, પંચાયતી રાજ સંસ્થાઓ ભારતીય લોકશાહીનો પાયો છે. તેમણે કહ્યું કે, તેઓ પાયાના સ્તરે શાસન અને સમુદાયના વિકાસ માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે. રાષ્ટ્રપતિએ ઉમેર્યું હતું કે, આ સંસ્થાઓએ મહિલા સશક્તિકરણમાં મહત્વની ભૂમિકા ભજવી છે. લગભગ 14 લાખ મહિલાઓ સમગ્ર દેશમાં પંચાયતી રાજ સંસ્થાઓ અને ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓના ચૂંટાયેલા સભ્યો તરીકે સેવા આપી રહી છે, જે કુલ ચૂંટાયેલા પ્રતિનિધિઓના 46 ટકા છે. સુશ્રી મૂર્મુએ કહ્યું કે, આ ભાગીદારીને વધુ મજબૂત કરવા માટે મોટાભાગના રાજ્યોએ આરક્ષણ મર્યાદા વધારીને 50 ટકા કરી છે.

# HOME MINISTER- BHARATPOL

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજે નવી દિલ્હીમાં સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશન દ્વારા વિકસાવવામાં આવેલું ભારતપોલ પોર્ટલનું અનાવરણ કરશે. ભારતપોલ પોર્ટલ ઈન્ટરપોલ દ્વારા રેડ નોટિસ અને અન્ય કલર-કોડેડ ઈન્ટરપોલ નોટિસ જારી કરવાની સાથે આંતરરાષ્ટ્રીય સહાય માટેની તમામ વિનંતીઓની પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરશે.

(બાઇટ ભારતપોલ)

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી શાહે જણાવ્યું કે, આ પોર્ટલથી પ્રત્યેક નાગરિક માટે સુરક્ષિત ભારત બનાવવાના કેન્દ્ર સરકારના સ્વપ્નને પરિપૂર્ણ કરવા માટે ભારતીય તપાસ સંસ્થાઓ વધુ સારી રીતે કામ કરી શકશે.

ગૃહ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે દેશની કાયદા અમલીકરણ એજન્સીઓને મજબૂત કરવા માટે ઘણી મહત્વપૂર્ણ પહેલ કરી છે.

શ્રી શાહ, વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ પોલીસ ચંદ્રક અને તપાસમાં શ્રેષ્ઠતા માટે કેન્દ્રીય ગૃહ મંત્રીના ચંદ્રકથી નવાજવામાં આવ્યા હોય એવા 35 CBI અધિકારીઓને પોલીસ ચંદ્રક પણ એનાયત કરશે.

# FINANCE MINISTER - PRE BUDGET

કેન્દ્રીય બજેટ 2025-26 માટે નાણામંત્રી નિર્મલા સીતારમણની અધ્યક્ષતામાં બજેટ પૂર્વેનો પરામર્શ ગઇકાલે નવી દિલ્હી ખાતે પૂર્ણ થયો. રૂબરૂ પરામર્શ દરમિયાન, ખેડૂત સંગઠનો અને કૃષિ અર્થશાસ્ત્રીઓ, શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્ર સહિત વિવિધ 9 હિસ્સેદારોના જૂથોમાં સો કરતાં વધુ નિષ્ણાતો અને પ્રતિનિધિઓએ બેઠકોમાં ભાગ લીધો હતો.

સુશ્રી સીતારમણે નિષ્ણાતો અને પ્રતિનિધિઓને ખાતરી આપી હતી કે, બજેટ તૈયાર કરતી વખતે તેમના સૂચનોની કાળજીપૂર્વક તપાસ કરવામાં આવશે અને ધ્યાનમાં લેવામાં આવશે. 10મી જાન્યુઆરીથી, નાગરિકો MyGov પ્લેટફોર્મ પર કેન્દ્રીય બજેટ 2025-26 માટે તેમના સૂચનો અને વિચારો રજૂ કરી શકે છે

# MORN. TN-HMPV CASES

**તમિલનાડુમાં હ્યુમન મૈટાન્યૂમો વાયરસના બે કેસ નોંધાયા છે. એક કેસ ચેન્નાઈનો અને એક સાલેમનો છે. રાજ્ય સરકારે કહ્યું છે કે આ કોઈ નવો વાયરસ નથી. તેની ઓળખ વર્ષ 2001માં જ થઈ હતી. આ ચેપ તેની જાતે જ ઠીક થઈ જશે અને તેના વિશે ચિંતા કરવાની જરૂર નથી. જે બે વ્યક્તિઓમાં ચેપ જોવા મળ્યો છે તેમની સ્થિતિ સ્થિર છે અને તેમને નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે કહ્યું છે કે અન્ય કોઈપણ શ્વસન ચેપની જેમ, ખાંસી અને છીંકતી વખતે નાક અને મોં ઢાંકવું, માસ્ક પહેરવું અને આ ચેપથી બચવા માટે નિયમિતપણે હાથ ધોવા ફરજિયાત છે.**

**ગુજરાતનું** મેટાન્યુમોવાઈરસ HMPV નો એક પોઝિટીવ કેસ નોંધાયો છે. રાજસ્થાનનાં ડુંગરપુરથી સારવાર માટે અમદાવાદ આવેલા બે મહિનાનાં બાળકનું HMPV સેમ્પલ પોઝીટીવ આવ્યું છે. હાલ આ બાળક સારવાર હેઠળ છે. તેની સ્થિતી સંપૂર્ણપણે સ્થિર હોવાનું રાજ્ય સરકારનાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

# BREAKING

હમણાં મળતા અહેવાલ પ્રમાણે ભારત અને નેપાળમાં 7.1ની તીવ્રતાની ભૂકંપના આંચકા અનૂભવાયા છે. નેપાળના લોબુચેથી 93 કિમી દૂર ભૂકંપને કેન્દ્ર બિંદુ હતુ. ભારતના દિલ્હી, યુપી, બિહાર અને પશ્ચિમ બંગાળના આજે વહેલી સવારે લોકોએ ભૂકંપના આંચકા અનુભવ્યા છે.

# CANADA PM-RESIGN

કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રુડોએ સત્તાધારી લિબરલ પાર્ટીના નેતા પદેથી રાજીનામું આપવાની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે, નવા નેતાની પસંદગી ન થાય ત્યાં સુધી તેઓ પ્રધાનમંત્રી રહેશે. 11 વર્ષથી લિબરલ પાર્ટીના નેતા અને નવ વર્ષ સુધી પ્રધાનમંત્રી પદ પર રહેલા ટ્રુડો પોતાના પક્ષના સભ્યોના બળવાનો સામનો કરી રહ્યા હતા અને તેમની નીતિઓને કારણે તેઓ અપ્રિય પણ બન્યા હતા. ગઇકાલે સાંજે ઓટાવામાં એક ન્યૂઝ કોન્ફરન્સમાં આ જાહેરાત કરતા ટ્રુડોએ કહ્યું કે, શ્રેષ્ઠ પ્રયાસો છતાં મહિનાઓ સુધી સંસદમાં સંતોષકારક કામ ન થતાં તેમણે આ નિર્ણય લીધો છે.

# MP-NATIONAL CHILDREN SCIENCE CONGRESS

31મી રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન કોંગ્રેસનું ગઇકાલે મધ્યપ્રદેશના ભોપાલમાં  સમાપન થયું છે. ચાર દિવસીય આ કાર્યક્રમમાં હજારો વિદ્યાર્થીઓએ

'સ્વાસ્થ્ય અને સુખાકારી માટે ઈકોસિસ્ટમને સમજવું' વિષયવસ્તુ પર વિજ્ઞાન અને ઈનોવેશન પર ધ્યાન કેન્દ્રિત કરીને તેમની પ્રતિભા દર્શાવી હતી.

આ કાર્યક્રમ બાળ વૈજ્ઞાનિકોને તેમની કલ્પના અને નવીનતાને નવી દિશા મળે તે માટે એક મહત્વનું પ્લેટફોર્મ છે. આ કાર્યક્રમ ભવિષ્યના વૈજ્ઞાનિકોને તૈયાર કરવા માટે એક મહત્વપૂર્ણ પગલું છે. આ કાર્યક્રમમાં એકંદરે 640 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાં 194 પ્રોજેક્ટ મોડલ રજૂ કરવામાં આવ્યા હતા. 376 વિદ્યાર્થીનીઓએ તેમના વૈજ્ઞાનિક મોડલ દ્વારા ભાગ લીધો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમોમાં 28 રાજ્યો અને 6 દેશોના બાળકોએ ભાગ લીધો હતો.

# SQUASH - BRITISH JUNIOR OPEN

સ્ક્વોશમાં, ભારતની અનાહત સિંઘે ઇંગ્લેન્ડના બર્મિંગહામ ખાતે રમાયેલી બ્રિટિશ જુનિયર ઓપનમાં અંડર 17 ગર્લ્સ સિંગલ્સ ટાઇટલ જીતી લીધું છે. 16 વર્ષની ટોચની ક્રમાંકિત અનાહત સિંઘે ગઈકાલે સાંજે શિખર મુકાબલામાં ઈજિપ્તની મલાઈકા અલ કરાક્સીને 3-2 થી હરાવી હતી. અનાહતે 3-0 ના સ્કોર સાથે આ જીત મેળવી હતી. 2019માં અંડર-11 શ્રેણીમાં અને 2023માં અંડર-15 કેટેગરીમાં જીત બાદ, અનાહતે ત્રીજું બ્રિટિશ જુનિયર ઓપન ટાઈટલ જીત્યું છે. ટુર્નામેન્ટની શરૂઆતમાં, અનાહતે સેમિફાઇનલમાં ઇજિપ્તની રૂકૈયા સાલેમને 3-1 થી હરાવ્યા બાદ ક્વાર્ટર ફાઇનલમાં અન્ય ઇજિપ્તની નાદિયા ટેમર સામે 3-0 થી જીત મેળવી હતી.

અનાહત ગત વર્ષે નવ PSA ચેલેન્જર ટાઈટલ જીત્યા હતા, જે વિશ્વની કોઈપણ અન્ય મહિલા ખેલાડી કરતાં વધુ છે.

# MAHAKUMBH WEBSITE

183 દેશોના 33 લાખથી વધુ વપરાશકર્તાઓએ મહાકુંભની સત્તાવાર વેબસાઇટ kumbh.gov.in ની મુલાકાત લીધી છે. આ વેબસાઈટ વિશ્વભરના લાખો વપરાશકર્તા માટે વિશ્વાસપાત્ર માહિતી માટેનાં પ્રાથમિક સ્રોત તરીકે ઊભરી આવી છે. આને કારણે વિશ્વભરમાં આ વેબસાઇટને પ્રચંડ પ્રતિસાદ મળી રહ્યો છે.

વેબસાઈટના ડેટા અનુસાર, 4 જાન્યુઆરી સુધીમાં 33 લાખથી વધુ વપરાશકર્તાઓએ સત્તાવાર મહાકુંભ પોર્ટલની મુલાકાત લીધી હતી.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ

- આજે મોટાં ભાગનાં અખબારોએ ચીનનાં વાઇરસ HMPVનાં ભારતમાં પ્રવેશ અંગેના સમાચારોને હેડલાઇન બનાવી છે. ગુજરાત સમાચારનું શિર્ષક છે- ચીનનો વાઇરસ ભારતમાં પ્રવેશ્યોઃ ત્રણ કેસથી ગભરાટ
- સંદેશનું શિર્ષક છે- ચીની વાઇરસ HMPVનાં ભારતમાં દસ્તકઃ પાંચ કેસ
- દિવ્ય ભાસ્કર વિશેષ અહેવાલમાં હેડલાઇનમાં લખે છે કે, સુરતમાં ગત 8 મહિનામાં HMPVનાં 15 કેસ નોંધાયા હતા, તમામ દર્દી સાજા થયા
- નવગુજરાત સમયની હેડલાઇન છે- ભારતવિરોધી ટ્રુડોએ કેનેડાનાં પીએમનું પદ છોડ્યું. આ સમાચાર બાકીનાં તમામ અન્ય અખબારોમાં પ્રથમ પાને છે.

- છત્તીસગઢમાં નક્સલી હુમલામાં સુરક્ષા દળોનાં આઠ જવાનો શહીદ- આ સમાચાર ટાઇમ્સ ઓફ ઇન્ડિયા અને ઇન્ડિયન એક્સપ્રેસે હેડલાઇનમાં પ્રકાશિત કર્યા છે.
- આ ઉપરાંત સેન્સેક્સમાં એક હજાર 258 પોઇન્ટનો કડાકો,-રોકાણકારોની 11 લાખ કરોડ રૂપિયાની મૂડીનું ધોવાણ, પૂર્વ વડાંપ્રધાન શેખ હસીના માટે બાંગલાદેશનું બીજું ધરપકડ જેવા સમાચારો પ્રથમ પાને જોવા મળે છે.

# Weather

**હવામાન વિભાગે આજે ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનમાં છુટાછવાયા વિસ્તારોમાં શીતલહેરની આગાહી વ્યક્ત કરી છે. હવામાન વિભાગનાં જણાવ્યા પ્રમાણે પંજાબ, હરિયાણા, ચંદીગઢ, હિમાચલ પ્રદેશ અને યુપીનાં કેટલાંક વિસ્તારોમાં આવતી**

**કાલ સુધી રાત્રિ અને વહેલી સવારે અત્યંત ગાઢ ધુમ્મસ રહેવાની સંભાવના છે.**

**હવામાન વિભાગે આજે સિક્કિમ, અરૂણાલ પ્રદેશ, આસામ અને મેઘાલયમાં છુટાછવાયા વિસ્તારોમાં ગાજવીજ સાથે પવન ફૂંકાવાની શક્યતા વ્યક્ત કરી છે. આગામી બે દિવસ દરમિયાન પશ્ચિમ હિમાલયનાં વિસ્તારોમાં લઘુતમ તાપમાનમાં બેથી ચાર ડિગ્રી સેલ્સિયસલનો ઘટાડો થવાની સંભાવના છે.**